# GUJARAT STATE FERTILIZERS & CHEMICALS LIMITED

Fertilizernagar - 391 750. Vadodara, Gujarat, INDIA.
CIN : L99999GJ1962PLC001121

**NO.SEC/SE/REG-30/2026** 23rd September, 2026

| | |
|---|---|
| The Corporate Relationship Department<br>BSE Limited<br>1st Floor, New Trading Ring<br>Rotunda Bldg., P.J.Towers, Dalal Street<br>Fort, MUMBAI - 400 001<br>SCRIP CODE: **500690** | The Manager, Listing Department<br>National Stock Exchange of India Ltd.<br>'Exchange Plaza', C/1, Block G<br>Bandra-Kurla Complex<br>Bandra (East), MUMBAI - 400 051<br>SYMBOL: **GSFC** |

Dear Sir / Madam,

Sub.: Press Release regarding launch of new products

Ref.: i. Regulation 30 read with Schedule III of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("SEBI Listing Regulations")

ii. Letter dated 23rd September, 2026 intimating product launch

In continuation to our above-referred letter, we enclose herewith a Press Release regarding the launch of new products under the SARDAR brand in the Crop Protection Chemicals category by the Company.

The said Press Release is enclosed herewith for your information and records.

Thanking you,

Yours faithfully,

**For Gujarat State Fertilizers & Chemicals Limited**

NIDHI PILLAI

Digitally signed by NIDHI PILLAI
DN: c=IN, o=Personal, title=2478, 2.5.4.20=bbb3c8fa5142141b378911a384a80e11c82368e2fbbec6e58ff309662d738d7c, postalCode=391750, st=Gujarat, serialNumber=63f90854491d7703e944f18952481d557dab34868885430561e699f882871e40, cn=NIDHI PILLAI
Date: 2026.09.23 13:32:07 +05'30'

**Nidhi Pillai**
**Company Secretary &**
**Vice President (Legal & HRS)**
Membership No.: A15142
E-mail: investors@gsfcltd.com

Encl.: As above (Flag-A)

**Flag A** **23.09.2026**

# GSFC "સરદાર" બ્રાન્ડ હેઠળ લાવી રહ્યું છે પાક સંરક્ષણનાં સાત શક્તિશાળી નિવારણો

- **પાક સંરક્ષણ ક્ષેત્રમાં જીએસએફસી નો દમદાર પ્રવેશ**
- **છેલ્લા ૬૪ વર્ષો થી ખેડૂતો ની સેવા માં સદા અગ્રેસર જીએસએફસી સરદાર બ્રાન્ડનો હવે પાક સંરક્ષણ ક્ષેત્રમાં દબદબાભેર પ્રવેશ**
- **ઉચ્ચ ગુણવત્તા સભર ઉત્પાદનો થી મળશે ખેતી ને વેગ અને ખેડૂતોને મળશે સરદારનો અસરકારક સાથ**
- **ગુજરાત સરકારના જાહેર સાહસ એવા જીએસએફસીની પાક સરંક્ષણ દવાઓની માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ના વરદ હસ્તે શરૂઆત**
- **ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ ખાતે થયેલ કાર્યક્રમમાં મંત્રીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીશ્રીઓ સહીત મોટી સંખ્યામાં ખેડૂતોની ઉપસ્થિતિ**

**ગાંધીનગર, 23 સપ્ટેમ્બર 2026:** ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC) દ્વારા પાક સંરક્ષણ ક્ષેત્રે પ્રવેશ કરતાં "સરદાર" બ્રાન્ડ હેઠળ 7 પાક સંરક્ષણ ઉત્પાદનોનું લોન્ચિંગ આજે સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

લોન્ચિંગ કાર્યક્રમમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, EPD મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી શ્રી રમેશભાઈ કટારા અને રાજ્ય કક્ષાના EPD મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત GSFCના ચેરમેન તથા વરિષ્ઠ અધિકારીઓ સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ 1962માં સ્થાપિત GSFC છ દાયકાથી વધુ સમયથી ગુજરાતના કૃષિ ક્ષેત્ર સાથે ગાઢ રીતે જોડાયેલી રહી છે. ખાતર ઉત્પાદક તરીકેની પોતાની શરૂઆતથી આગળ વધીને કંપનીએ વોટર સોલ્યુબલ ફર્ટિલાઇઝર્સ, બાયોસ્ટીમ્યુલન્ટ્સ તથા અન્ય કૃષિ ઉત્પાદનોના ક્ષેત્રમાં પણ પોતાની કામગીરી વિસ્તારી છે. બદલાતી કૃષિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને GSFCનો પાક સંરક્ષણ ક્ષેત્રે પ્રવેશ **સંકલિત કૃષિ ઉકેલો ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પહેલ** છે.

23.09.2026

"સરદાર" બ્રાન્ડ હેઠળ લોન્ચ કરાયેલા 7 ઉત્પાદનોમાં **સરદાર સાથી (Pendimethalin 30% EC)** નીંદણનાશક તથા **સરદાર રફતાર (Chlorantraniliprole 18% SC), સરદાર તુફાની ફિપ્રો (Fipronil 5% SC), સરદાર જાનદાર (Emamectin Benzoate 5% SG), સરદાર આધાર (Acephate 75% SP), સરદાર જી-ગોલ્ડ (Imidacloprid 17.8% SL)** અને **સરદાર સેનાપતિ (Thiamethoxam 75% WG)** જેવા કીટનાશકોનો સમાવેશ થાય છે.

આ ઉત્પાદનો કિસાન સુવિધા કેન્દ્રો (KSK) સહિત GSFCના ઉપલબ્ધ વિતરણ માધ્યમો દ્વારા ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે. આ પહેલથી ખેડૂતોને **ખાતરથી લઈને પાક પોષણ અને પાક સંરક્ષણ સુધીના વિવિધ કૃષિ ઇનપુટ્સ માટે વધુ વ્યાપક અને સંકલિત ઉકેલો** ઉપલબ્ધ કરાવવાના GSFCના પ્રયાસોને વધુ વેગ મળશે.

પાક સંરક્ષણ ક્ષેત્રે આ વિસ્તરણ દ્વારા GSFC કૃષિ ઉત્પાદકતા, ખેડૂત સમૃધ્ધિ અને ગ્રામ્ય આર્થિક પ્રવૃત્તિઓને સહાયક કૃષિ ઇનપુટ્સની ઉપલબ્ધતા વધારવાની દિશામાં પોતાની ભૂમિકાને વધુ વિસ્તારી રહી છે.

**GSFC — ખેડૂતોની પ્રગતિ સાથે, કૃષિના વિકાસ માટે.**
**GSFC — નવીનતાથી સમૃધ્ધિ તરફ, ખેડૂતથી રાષ્ટ્રના વિકાસ સુધી.**